આવતીકાલનો ઉજાસ

મૈત્રી વિપુલભાઈ પટેલ
ધોરણ-૯, આર જી પટેલ કન્યા વિદ્યાલય

અભ્યાસમાં હંમેશા અગ્ર સ્થાન ધરાવતી મૈત્રી શાળાકીય ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહે છે. તેઓ એનસીસીનો બે વર્ષનો કોર્સ પૂર્ણ કરી સિનીયર તરીકે લાર્જ કોપોરેલની રેન્ક પ્રાપ્ત કરી છે. લો ગાર્ડન, અમદાવાદ ખાતે સીએટીસી કેમ્પમાં ઉજળો દેખાવ કરી સર્ટીફિકેટ પ્રાપ્ત કર્યું છે. ૧૫મી ઓગષ્ટના રોજ રાજભવન ખાતે પરેડમાં પસંદગી પામી રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સાહિત્ય પર્વ અને નિબંધ સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અનેક પુરસ્કારો મૈત્રીએ પોતાના નામે કર્યાં છે.

આજે સિટી પલ્સ ખાતે કાવ્ય સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

સિટી પલ્સ ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા શુક્રવારે કાવ્ય સંગીતના કાર્યક્રમ 'મનમાં જોયું મળલખ જોયું'નું આયોજન કરવામાં આવ્યું છે.

સિટી પલ્સ કેમ્પસમાં સ્થિત પંડિત મદન મહેતા ઓડિટોરિયમ ખાતે રાત્રે ૮ કલાકે જાણીતા નાટ્યકાર નિમેષ દેસાઈ અને વૃંદ દ્વારા આ કાવ્ય સંગીત કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી સાહિત્યના જાણીતા કવિઓની કાવ્ય રચનાઓનું ગાન નિમેષ દેસાઈ, મધુરીકા ઓઝા અને આસિતા પ્રજાપતિ દ્વારા કરવામાં આવશે.

માઈન્ડ પાવર જેવી વિદ્યાની નિયમિત પ્રેકટીશ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના આલ્યા વિકાસ ટ્રસ્ટના સેક્રેટરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, યોગ, રેઈકી, માઈન્ડ પાવર, સેલ્ફ હિપ્નોસિસ, આર્ટ ઓફ લીવીંગ, હિલીંગ વગેરે વિદ્યાનો અભ્યાસ કર્યો હોય પરંતુ પ્રેકટીશ કરી શકતા ન હોય તેવા તાલીમાર્થીઓ માટે આલ્યા વિકાસ ટ્રસ્ટ દ્વારા વિના મુલ્યે નિયમિત પ્રેકટીશનું આયોજન કરવામાં આવ્યું છે. જે તાલીમાર્થીને તાલીમ શિબિરમાં જોડાવાની ઈચ્છા હોય તેઓએ સોમથી શનિ દરમિયાન ટ્રસ્ટનો મો. નં. ૭૩૫૮૪ ૬૩૦૭૮ ઉપર સંપર્ક કરવો.

નવી રમતોમાંય બાળકો રસ લેતા થયાં છે

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા રમતગમતના શિબિરો એ વાતની સાબિતી આપે છે કે હવે બાળકો નવી રમતોમાં પણ રસ લેતા થયાં છે અને આવી રમતોની તાલીમ પણ મેળવવા લાગ્યા છે. સંન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ચાલી રહેલા શિબિરમાં સ્કેટીંગની તાલીમ લઈ રહેલાં બાળકો આ બાબતની સાબિતી આપે છે.

ગત તા. ૧૪ એપ્રિલથી સેન્ટ ઝેવિયર્સ ખાતે આરંભાયેલા રમતગમતના શિબિરમાં ૨૦૦ જેટલાં બાળકો વિવિધ રમતોની તાલીમ મેળવી રહ્યાં છે. શિબિર આગામી તા. ૧૫ મે સુધી ચાલશે. ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટ બોલ, સ્કેટીંગ જેવી રમતો ઉપરાંત ડાન્સની તાલીમ પણ આ શિબિર અંતર્ગત આપવામાં આવી રહી છે. ધોરણ-૧થી ૧૦ના વિદ્યાર્થીઓ આ શિબિરમાં ભાગ લઈ રહ્યા છે. આ પૈકી સ્કેટીંગની તાલીમ ૪૦ જેટલાં બાળકો મેળવી રહ્યા છે. અનુભવી કોચ ભાગેવભાઈ બાળકોને સ્કેટીંગની તાલીમ આપી રહ્યા છે. એ જ રીતે જીતીન ભાવસાર ફૂટબોલની, રામકૃષ્ણ પંડિત બાસ્કેટ બોલની તથા ગીરીગંગ રાણા ડાન્સની તાલીમ આપી રહ્યા છે.

ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટ બોલ અને ડાન્સની તાલીમ માટે કી ૨૦૦ રૂપિયા તથા સ્કેટીંગની તાલીમ કી ૩૦૦ રૂપિયા નિયત કરવામાં આવી છે. શિબિર અંતર્ગત દરેક રમતની તાલીમમાં બાળકોની સંખ્યા ઉલ્લેખનીય છે અને આગામી દિવસોમાં આ સંખ્યા વધશે એવી અનુભવી વાલી શિબિર સંચાલકોએ ઉચ્ચારી છે.

પાંચ ગુણના બે પ્રશ્નોને બાદ કરતાં રસાયણ વિજ્ઞાનનું પેપર સરળ

સરળ અને પાઠય પુસ્તકલક્ષી પેપર નીકળતાં વિદ્યાર્થીઓ ખુશખુશાલ

ગાંધીનગર, તા.૧૯

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં દ્વિતીય સેમિસ્ટરની પરીક્ષા દરમિયાન આજે રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓ હળવા મૂડમાં જોવા મળ્યા હતા. પ્રશ્નપત્રમાં પાંચ માર્કના બે પ્રશ્નો સિવાય તમામ પ્રશ્નો સરળ હોવાનું વિષય નિષ્ણાંતોએ જણાવ્યું છે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પરીક્ષાના પ્રારંભે ગણિતનું પેપર થોડું અઘરું નિકળતા વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. ત્યારબાદ પ્રશ્નપત્રો સરળ નીકળતા પરીક્ષાર્થીઓએ હાશકારો અનુભવ્યો છે.

અલબત્ત આજે રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર પણ પાઠયપુસ્તકલક્ષી અને સરળ હોવાનું વિષય નિષ્ણાતોએ જણાવ્યું છે. આ અંગે માહિતી આપતા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિષય નિષ્ણાત નયન વિવેદી તેમજ ડી.બી. પટેલે જણાવ્યું હતું કે માત્ર બે પ્રશ્નોને બાદ કરતા પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારિત અને સરળ હતું. પાંચ ગુણના બે પ્રશ્નોના ઉત્તર આપવામાં વિદ્યાર્થીની કસોટી થઈ હતી. આ સિવાય પેપરમાં ૨જુ થયેલા અન્ય પ્રશ્નો અકંદરે સરળ હતા જેથી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાના અંતે તણાવમુકત જોવા મળ્યા હતા. ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત, એકાઉન્ટ અને રસાયણ વિજ્ઞાનની પરીક્ષા બાદ તા. ૨૧મીએ ભૌતિકશાસ્ત્રની પરીક્ષા લેવાશે જિલ્લામાં પરીક્ષા દરમિયાન ગેરરીતિનો કોઈ કિસ્સો નોંધાયો નથી તેમ જિલ્લા શિક્ષણ તંત્રએ જણાવ્યું છે.

સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૨ના પ્રથમ દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા

હાઉસી, ફાઈનાન્સિયલ એડવાઈઝ, આર્ટ પ્રિપેરેશનના કાર્યક્રમો રસપ્રદ બન્યા

ગાંધીનગર, તા. ૧૯

ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ-એમ.સી.એ.દ્વારા તા. ૧૯મી એપ્રિલ-૨૦૧૨નાં રોજ 'સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૨' કાર્યક્રમનાં પ્રથમ દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમ જેવા કે હાઉસી, ફાઈનાન્સિયલ એડવાઈઝ, ગાયનેકોલોજીકલ એડવાઈઝ, આર્ટ પ્રિપેરેશન તથા બોલીવુડ બ્રઝ ઈવેન્ટ યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મેજર સેસનમાં આવેલા વક્તા સીવાંગી મેઉવા દ્વારા પોઝીટીવ થીંકીંગ વિષે ખુબ રસદાયક વાત કરવામાં આવી હતી. જીવનમાં પોઝીટીવ થીંકીંગ થી કેવા લાભ થઈ શકે તેની ઉંડાણપૂર્વક દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપી હતી. હાઉસી કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ મેમ્બરોએ ખુબ આનંદપૂર્વક ભાગ લીધો હતો. જેમાં સેમી. ૨ અને સેમી. ૪ની વિદ્યાર્થીનીઓ અલગ અલગ કેટેગરીમાં વિજય બની હતી. આ કાર્યક્રમની સાથે સાથે ટેલ્ટી એન્ડ હેલ્થીફુડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જજ તરીકે આવેલ પરમજીત ચઢ્ઢાએ કાર્યક્રમને લગતું માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. અને સેમી. ૪ની વિદ્યાર્થીનીઓને પ્રથમ ક્રમાંક આપ્યો હતો. ફાઈનાન્સિયલ એડવાઈઝમાં આવેલ તજજ્ઞો નીતિન પટેલ અને અંકિતા પટવાએ ફાઈનાન્સિયલી કેવી રીતે સ્ટ્રોંગ બનવું તે વિશેની માહિતી પુરી પાડી હતી. ત્યાર બાદ ગાયનેકોલોજીકલ એડવાઈઝ તરીકે આવેલા તજજ્ઞ નીતાબેન સોખાતે વિદ્યાર્થિનીને જીવન ઉપયોગી માહિતી પુરી પાડી હતી.

આર્ટ પ્રિપેરેશનમાં તજજ્ઞ તરીકે આવેલા ધનંજય પટેલે અલગ અલગ પેઈન્ટીંગની રીતો વિશે માહિતી પુરી પાડી હતી. ત્યાર પછીના કાર્યક્રમ બોલીવુડ બઝમાં વિદ્યાર્થીનીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે સેમીસ્ટર ૨ ની વિદ્યાર્થીનીઓ પ્રથમ ક્રમે આવી હતી. ક્વાલ્ટ્રમ કેકોરેશનમાં સેમી. ૨ અને સેમી. ૪ ની વિદ્યાર્થીનીઓએ પોતપોતાના ક્લાસ ખૂબ જ સરસ રીતે સજાવ્યા હતા. જેમાં સેમી ૨ની વિદ્યાર્થીનીઓ પ્રથમ ક્રમે આવી હતી.

મહિલાઓ માટે મફત કાનૂની સહાય શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

વૃત્તિકા સેવા સંઘ અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદનાં સહયોગથી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા પ્રેરિત 'મફત કાનૂની સહાય શિક્ષણની મહિલા શિબિર તાજેતરમાં યોજાઈ હતી.

ગુજરાત મફત કાનૂની સહાય સમિતિના મેમ્બર અને સેક્રેટરી બી. જે. ગણાત્રા, બાળ અદાલતના પ્રમુખ ટી. એસ. પ્રભાભટ્ટ, મેટ્રો પોલીટન રાજ્યકોર્ટ એચ. પી. બારોટ, આસી. સુપ્રિટેન્ડન્ટ રેણુકાબેન બારોટ અને ફિમિનલ બાર એસોસિએશનના નયનાબેન પુજારા સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એડવોકેટ કમલ બી. કમલકર, વિષ્ણુભાઈ પટેલ અને સંજયભાઈ ઠાકરે સમાજમાં સ્ત્રીઓ ઉપર વધતા જતા શારીરિક અને માનસિક અત્યાચારો વિશે મહિલાઓને માહિતગાર કરી કાયદામાં તેમના અધિકાર વિશે શું શું જોગવાઈઓ છે તેની સમજુતી આપી હતી.

વૃત્તિકા સેવા સંઘના પ્રમુખ હંસાબેન રાઠોડ અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટીના પ્રમુખ દિલ્લાભાઈ ગોલ્ડન્ડેએ સમગ્ર કાર્યક્રમ સફળ રીતે સંપન્ન કરી આમંત્રિત મહેમાનો અને વક્તાઓનો આભાર માન્યો હતો.

દરેક છોકરીએ પોતે પોતાની આંતરિક શક્તિને વિકસાવવી જોઈએ

ગુજરાતી ફિલ્મોનાં સફળ અભિનેત્રી મમતા સોનીની રંગમંચથી પ્રજામન સુધીની શાનદાર સફર

એક ગરીબ વર્ગની તરુણી ગુજરાતી ફિલ્મની કોઈ અભિનેત્રીની આબેહૂબ નકલ કરવા લાગી. રાત-દિવસ તેનાં જ સ્વપ્નોમાં વિહરતી. તેના જેવા જ નખરાં કરવા લાગી. કોઈ કામમાં તેનું મન પરોવાતું નહીં. તેણે ભણવામાં ધ્યાન આપવાનું છોડી દીધું. અબબ મા તેને વારંવાર ઠપકો આપતી. છતાં તેની સાન ઠેકાણે ન આવતી. એકવાર કૃપમંડુક વિચારો ધરાવતી માતાએ કડક શબ્દોમાં કહી દીધું, 'એ છોરી! તને શું ભૂત વળગ્યાં છે? કેમ આમ ગાંડીઘેલી થઈને ફરે છે? હું તને ભણાવવા માટે રાત-દિવસ વૈતરાં કરું છું અને તું મારી વાત સાંભળતી જ નથી. લવ તો તને પરણાવી સાસરે વળાવી દેવી પડશે.' ત્યારે દબંગ કુમારિકા સ્વપ્નોની દુનિયામાંથી બહાર આવીને બોલી, 'મા, હું મોટી થઈને મમતા સોની જેવી ધરાવેલ મહિલાઓએ પ્રવૃત્તિમય જિંદગી જીવવી જોઈએ' એવું મમતા સોનીનું કહેવું છે.

મમતાજીએ નાની વયે માતૃભાષામાં બનતી ફિલ્મોમાં અપ્રતીમ લોકચાહના મેળવી છે. એમની એક ઝલક જોવા એમના ચાહકો કલાકોના કલાકો રાહ જુએ છે. તો વળી ઓટોગ્રાફ લેવા માટે પડાપડી થાય છે. જ્યારે તેમના સુંદર મુખના મધુર કંઠમાંથી શેર-શાયરીના ચાર શબ્દો સરી પડે છે ત્યારે તાળીઓના ગડગડાટ સાથે રિકિયારીઓની હેલી થાય છે.

મમતાજીના જાહેર સ્ટેજ શોમાં હજારો ચાહકો તેમને હૃદયથી આવકારે છે, તેમને સન્માન આપે છે. બનાસકાંઠા વિસ્તારમાં અનેક યુવાનો પોતાના પર્સમાં 'રાધા'નો ફોટો રાખે છે. ચાહકોની મમતાજી પ્રત્યેની અનહદ લાગણી આ પર્સની તસવીરોથી સિદ્ધ થાય છે. એમને મળેલી અતિશય લોકચાહનાની આ સાબિતી છે. આ વાત કાલ્પનિક નહીં પણ સનાતન સત્ય તથા સંપૂર્ણ પ્રખ્યાત હીરોઈન બનીશ. તેના જેવો સુંદર અભિનય કરી અઢળક પ્રશંસા મેળવીશ. તને ખુબ જ પૈસા કમાઈને આપીશ. પછી મા તારે મજૂરી નહીં કરવી પડે.' મા કરીથી તાડૂકી, 'મમતા સોની તો નસીબદાર છે. આપણા નસીબના તારલે પથ્થર બંધાયેલા છે. તું ભણીશ તો રળીશ.'

અહીં રજૂ થયેલ વાસ્તવિક સંવાદમાં ઘણું તથ્ય અને હાર્દ છૂપાયેલું છે. આ વાત ગુજરાતી ચલચિત્રની શાનદાર અભિનેત્રી મમતા સોનીના ઘણા ચાહકોને લાગુ પડે છે. ગુજરાતી ઘણી ટીકરીઓ યૌવનના ઉંબરામાં પગરવ માંડતાં 'રાધા' બનવાનાં સ્વપ્નો જુએ છે. પણ અધૂરી ઈચ્છા ધરાવતી તે ગોપીઓ સમાજના કનેયાઓ સાથે પરણીને મનની ઈચ્છા મનમાં જ દબાવી દે છે અને તે જ નિયતિ છે. સદીઓમાં 'રાધા' એક જ જન્મે છે. દરેક છોકરીએ પોતે પોતાનામાં રહેલી આંતરિક શક્તિને વિકસાવવી જોઈએ, જીવનમાં આગળ વધવું જોઈએ. બધાં સ્વપ્નો સાકાર થતાં નથી. અને સ્ત્રીઓએ માનસિક અને શારીરિક રીતે ફીટ રહેવું જોઈએ. કામમાં રચ્યાપચ્યા રહેવું જોઈએ. ઘરેલૂ મહિલાઓએ પ્રવૃત્તિમય જિંદગી જીવવી જોઈએ' એવું મમતા સોનીનું કહેવું છે.

મમતાજીએ નાની વયે માતૃભાષામાં બનતી ફિલ્મોમાં અપ્રતીમ લોકચાહના મેળવી છે. એમની એક ઝલક જોવા એમના ચાહકો કલાકોના કલાકો રાહ જુએ છે. તો વળી ઓટોગ્રાફ લેવા માટે પડાપડી થાય છે. જ્યારે તેમના સુંદર મુખના મધુર કંઠમાંથી શેર-શાયરીના ચાર શબ્દો સરી પડે છે ત્યારે તાળીઓના ગડગડાટ સાથે રિકિયારીઓની હેલી થાય છે.

સિદ્ધિ યાત્રા - જનક પટેલ

આવા વ્યવસ્થાથી જ મમતાને નૃત્ય અને અભિનયનો શોખ હતો પણ હવે તે શોખ વલ્યની લહેર બની લલચાવી રહ્યો હતો. મન વમળની રહ્યું હતું, આત્મા કંઈક શોધી રહ્યો હતો. બેચેન દિલને શાંતિ અર્પવા મમતાએ જીવનનો મુકામ નિશ્ચિત કરી લીધો. અભિનયને જ પોતાના આત્મા તરીકે મમતાએ ઓળખી લીધો. કોલેજકાળ વાસ્તવિક છે.

મમતા સોનીનો જન્મ રાજસ્થાનના અજમેર જિલ્લાની પાસે સ્થિત પાટન પરગણામાં ૧૭ ડિસેમ્બર, ૧૯૮૫ના રોજ થયો હતો. ખૂલકણા બચપનની કેટલીક ક્ષણો રજવાડી રેતમાં વીની ગઈ. સંજોગોવશાત્ સોની પરિવારને મમતાજીના જન્મનાં ત્રણ વર્ષ બાદ જામનગર શિફટ થવું પડ્યું. પિતા એન્જિનીયર હતા અને માતા ગૃહિણી. ચાર બહેનો સાથેનું એમનું બાળપણ ઘરના આંગણમાં પસાર થવા લાગ્યું. રાજસ્થાનના રણમાં રમતી રાધા જામનગરમાં મોટી થવા લાગી.

બાલ્યાવસ્થાથી જ મમતાને નૃત્ય અને અભિનયનો શોખ હતો પણ હવે તે શોખ વલ્યની લહેર બની લલચાવી રહ્યો હતો. મન વમળની રહ્યું હતું, આત્મા કંઈક શોધી રહ્યો હતો. બેચેન દિલને શાંતિ અર્પવા મમતાએ જીવનનો મુકામ નિશ્ચિત કરી લીધો. અભિનયને જ પોતાના આત્મા તરીકે મમતાએ ઓળખી લીધો. કોલેજકાળ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આજની રાધા પર્ગ્રાઝ બાંધી સ્ટેજ ઉપર નાચતી અને નાટકોમાં અભિનય કરતી ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે એ ગુજરાતી ફિલ્મ જગતમાં મોટું નામ કાઢશે.

લોકોની નજરમાં તેમની કલા પ્રશંસાને પાત્ર બની. દિન-પ્રતિદિન તેમનાં નૃત્ય અને અભિનયના ચાહકો વધવા લાગ્યા. ૨૦૦૩થી મમતાજીના સંઘર્ષના દિવસોની શરૂઆત થઈ. મમતાજીએ ગુજરાતી વિડીયો આલ્બમમાં નૃત્ય સાથે અભિનય કરવાનું શરૂ કર્યું. ટૂંક સમયગાળામાં જ મમતાજીએ પોતાની આગવી કુશળતા અને તીવ્ર ઈચ્છાને કારણે આલ્બમ જગતમાં એક આગવી ઓળખ ઊભી કરી અને દોઢસો જેટલા સફળ આલ્બમમાં અભિનય આપ્યો. એ અરસામાં ક્રાંતિબાઈ દવે 'તરસી મમતા' નામે એક ફિલ્મ બનાવી રહ્યા હતા. એમાં કામ કરવાની તક મમતાજીને મળી અને એ સાથે જ એમની ફિલ્મી કેરિયરની શરૂઆત થઈ. ત્યારબાદ ફિલ્ટી ફિલ્મ 'ફીર એક સાજિશ'માં તેમણે અભિનય આપ્યો. અલબત્ત, હજી એમની કિસ્મતનું તાળું સોનાની ચાવીથી ખુલવાનું બાકી હતું. પણ મમતાજીનો આત્મવિશ્વાસ અડગ હતો, મહેનત નિશ્ચલ હતી. એમણે ચાર રાજસ્થાની ટેલીફિલ્મ્સ ઉપરાંત પચાસ ગુજરાતી આલ્બમમાં કામ કર્યું.

એ સમયે લોકગાયક વિક્રમ ઠાકોરનું નામ પ્રચલિત બન્યું હતું, આજે પણ છે. પ્રજા એમના સુંદર અવાજ અને વાંસળીના મધુર સુરની દિવાની હતી. બસ, સમયની ઘટિકા ઘડલાઈ અને જયકથી મહાવીરના પ્રોડક્શનકર્તા વિક્રમ ઠાકોરને લઈને 'ખેડવાર પિયુને મળવા આવજો' ફિલ્મ બનાવી રહ્યા હતા. એ માટે 'રાધા'ના પાત્રની શોધ ચાલી રહી હતી. વિક્રમ ઠાકોર પણ પ્રથમવાર અભિનય કરી રહ્યા હતા. રાધાના પાત્ર માટે મમતાજીની પસંદગી થઈ. ફિલ્મમાં સંગીતકાર અપુનું કર્ણપ્રિય સંગીત હતું. વિક્રમ ઠાકોરના મખમલી કંઠે પ્રેમનાં સુંદર ગીતો ગાયાં. ફિલ્મ રિલીઝ થઈ અને પ્રજા ઘેલી બની. ફિલ્મે ટિકિટબારી ઉપર ટંકશાળ પાડી. વિક્રમ-રાધાની જોડી સફળ નીવડી. એ પછી મમતાજીના અસલી નામની ઓળખ ભુલાઈ ગઈ અને રાધાના નામથી જ ગુજરાતના ઘરેઘરમાં એ જાણીતાં બન્યાં. એ પછી તો 'બેવફા પરદેશી, પ્રેમ ગોરી તારો કેમ કરી ભુલાય, રાધા તારા વિના મને ગમતું નથી, પ્રેમી ઝુકવા નથી અને ઝુકશે નહીં' જેવી બાર ફિલ્મો રજૂ થઈ અને હીટ પણ.

મમતાજીને સાહિત્ય બહુ પસંદ છે, પણ વ્યસ્ત જીવનમાં વાંચવાનો બહુ સમય મળતો નથી. બોલીવૂડ દિગ્ગજ અને કાબેલ નિર્માતા સંજય લીલા ભણસાલીના કામને એ ખૂબ વખાણે છે. સાદું ભોજન અને પ્રાકૃતિક સૌંદર્યમયાં સ્થળોએ ફરવું તેમને ગમે છે. રાજસ્થાનના રણમાં ૪૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ધગધગતી રેત ઉપર ઘોડી લાંબો માર્ગ કાપવાનું દ્રશ્ય એ તેમની જિંદગીનું યાદગાર દ્રશ્ય છે.

આજે સફળતાની વ્યાખ્યા બનેલાં મમતા સોનીએ પોતાના કિસ્મતની લહેરો જાત મહેનતથી આંકી છે. સંઘર્ષ અને સાધનાના સમન્વયે એમને સફળતા અપાવી છે. વાસ્તવિક જીવનમાં એ એક કઠોર પરિશ્રમી અભિનેત્રી છે. અભિનય ક્ષેત્રે આગળ વધતી યુવતિઓ માટે મમતાજી એક આઈકોન છે.

ઐસા ભી હોતા હૈ

ભગવાનને બાળકોનાં પત્રો

ભાવનગરની લોકમિલાપ સંસ્થા દ્વારા બે અમેરિકન પત્રકારો - એરિક માર્શલ અને સ્ટુઅર્ટ હેંચલ દ્વારા સંપાદિત પુસ્તક 'ચિલ્ડ્રન્સ લેટર્સ ટુ ગોડ' ઉપરથી પ્રેરણા લઈને ગુજરાતીમાં 'ભગવાનને બાળકોના પત્રો' નામે પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. જેમાં બાળકોએ ભગવાનને લખેલા સુંદર પત્રોનું સંકલન કરવામાં આવ્યું છે. આ સુંદર પત્રોનો રસાસ્વાદ આજે માણીએ.

વ્હાલા ભગવાન, મારે પંખી બનવું છે. તમે જો એટલું કરશો તો હું વચન આપું છું કે પછી ઘણા દિવસ સુધી હું બીજું કાંઈ નહીં માંગું. - સાગર

વ્હાલા ભગવાન, મારા બાપુ બહુ હોંશિયાર છે. કદાચ એ તમને મદદરૂપ થાય. - તોમાર

વ્હાલા ભગવાન, ઘણા વખતથી તેં કોઈ નવું જાનવર બનાવ્યું નથી, અમારી પાસે એના એ જ જૂનાં જાનવર છે. એમ કેમ? - નીરજ

આવાં અનેક સુંદર પત્રો સમાવતી પુસ્તિકા કલોલના રહીશ ડૉ. રાજેશભાઈ પરીખ દ્વારા કલોલ ખાતે કાર્યરત હોલી ચાઈલ્ડ સ્કૂલના ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવી અને પછી એમના સૂચન અનુસાર આ વિદ્યાર્થીઓ પાસે ભગવાનને ઉદ્દેશીને પત્ર લેખન ગોઠવવામાં આવ્યું. પત્ર લખનાર બાળકે પોતાનું નામ નીચે લખવાનું નહોતું. પરંતુ, આ પત્રો પણ રસપ્રદ બની રહ્યા.

'ભગવાન, તમે તો અમારી રક્ષા કરો છો. મારે તમને મળવું છે. પણ તમે મારા સપનામાં આવો. આવજો ખરા પણ મને એટલી બધી ઉતાવળ નથી. પણ તમને આવવું હોય તો શાંતિથી આવજો.'

'હે ભગવાન, મારી એ વિંચા છે કે તમે મને પરીક્ષામાં પાસ કરી દેજો. હું મોટો થઈને ડૉક્ટર બનીને ઓડી લઈશ. ભગવાન મને શક્તિ આપજો. હું મોટો થાઉં એટલે ઝપડો થાય તો હું જ એ ઝપડાને સોલ્વ કરી શકું.'

'પ્રિય ભગવાન, મને એવા આશીર્વાદ આપો કે હું મોટો થાઉં એટલે મને મારી નોકરી મળે, મને પરીક્ષામાં ૯૫થી ૧૦૦ની અંદરમાં ટકા મળે. પ્રભુ મારાં બાનું મૃત્યુ થઈ ગયું છે. તેથી મને કહો, તે તમારી સાથે શું કરે છે?'

'પ્રિય ઈશ્વર, ઈશ્વર મને ખૂબ પસંદ છે. સ્કૂલે જતાં હું ઈશ્વરને યાદ કરું છું. ભગવાન તું દયાળુ છે. તું છે તેથી જ દુનિયા સુખી છે. ભગવાન તેં અમને કેટલું બધું આપ્યું છે. હવે અમારે નહીં પણ દુનિયામાં જે ગરીબ લોકો છે એમને તું આપ.'

'પ્રિય ભગવાન, તમે મને જે સુખ આપ્યું તે માટે ધન્યવાદ. ભગવાન મારે મોટા થઈ ડૉક્ટર બનવું છે. ભગવાન, મને ધન-દોલત કશુંય જોઈતું નથી. મારે તો તમારા આશીર્વાદ જોઈએ છે. ભગવાન, મારે તમારી સાથે ખૂબ જ વાતો કરવી હોય છે પણ સમય જ મળતો નથી.'

'પ્રિય ભગવાન, મારા પૂ. દાદા મરી ગયા. એ તમારી પાસે આવી ગયા. મને મારા દાદા ખૂબ યાદ આવે છે. હું નાનો હતો ત્યારે મારા દાદા ભણાવે, રમાડે, અંગ્રેજી શીખવે, સ્કૂલે મૂકવા આવે. પણ હવે મને કોણ ભણાવે, રમાડે, અંગ્રેજી શીખવે. કોણ સ્કૂલે મૂકવા આવે. મારા દાદાને એકવાર મારા ઘરે મોકલો. મારા દાદા મારે પણ ખરા અને લાડ પણ કરે. મને તેમનું કામ કરવું ખૂબ ગમે. હું તેમને આંટો મારવા લઈ જાઉં, દવા આપું, તેમનું શ્વાસ લેવાનું મશીન આપું, તેમની થાળી લઈ જાઉં. પણ હવે કોનો આંટો મારવા લઈ જાઉં? કોને દવા આપું? તોય મારા દાદા મારી પાસે છે અને તમે પણ મારી સાથે છો.'

આવા તો અનેક ભાવો, પોતાના વિચારો અને લાગણીઓ તથા માગણીઓ વિદ્યાર્થીઓએ પત્રમાં ભગવાન સમક્ષ મૂકી છે. બાળકને ચીજવસ્તુઓથી લાદી દેવાથી તેઓ ખુશ રહે તેમ માનવું ખોટું છે. બાળકને જરૂર છે કે કોઈ ક્ષેત્રે તેમની વાત સમજે, કોઈક તેમને વ્હાલ કરે, કોઈક તેમના માટે સમય ક્વાઢી તેમની સાથે વાતો કરે. બાળકોના સાચા સ્વસ્થ વિકાસ માટે તેમના આવા પત્રોને સમજવા એ શાળા-શિક્ષક તથા વાલીઓ માટે ઉપયોગી થઈ પડે તેમ છે.

- હોલી ચાઈલ્ડ સ્કૂલ, કલોલના મુખપત્ર 'સર્જન'માંથી સાભાર